UGVCL

આપણું યુજીવીસીએલ

અંક-૩, ઓક્ટોબર ૨૦૧૦

પ્રકાશમય દિપાવલી ઊર્જામય નૂતનવર્ષ

ગુજરાતને ઊર્જા ક્ષેત્રે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ

ઊર્જા શક્તિ માસની પૂર્ણાહુતિ

પાણી અને વીજળીના કાર્યક્ષમ ઉપયોગ માટે પહેલ

મહિલાઓની આંતર વર્તુળ ટુર્નામેન્ટ

વર્ષ-૧ અંક-૩, ઓક્ટોબર ૨૦૧૦
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

સંરક્ષક
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

સંપાદક
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

તંત્રી મંડળ
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી, કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

પ્રકાશક
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૦૦૦૧
www.ugvcl.com

સંકલન અને સર્જન
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

આ અંકમાં

સંદેશ	**૦૩**
સન્માન	**૦૫**
ગુજરાતને પાવર ઇન્ડિયા એક્સેલન્સ એવોર્ડ–૨૦૧૦ એનાયત	૦૫
કંપની સમાચાર	**૦૬**
એનર્જી એફિશિયન્ટ પંપ સેટ યોજના માટે અનોખી પહેલ	૦૬
કંપનીની કામગીરી અંગે મહત્ત્વપૂર્ણ મીટિંગનું આયોજન થયું	૦૭
યુજીવીસીએલમાં સફળ ઇન્વેન્ટરી લેગસી ડીકમિશનિંગ	૦૮
ઊર્જા શક્તિ માસની પૂર્ણાહુતિ	૦૯
વિશેષ પહેલ	**૧૦**
પાણી અને વીજળીના કાર્યક્ષમ ઉપયોગ માટે દૂરંદેશીભર્યો અભ્યાસ	૧૦
પાવર ન્યૂઝ	**૧૩**
મહિલા જગત	**૧૪**
ઊર્જા ક્ષેત્રેમાં કાર્યરત મહિલાઓ રમતગમતમાં પણ આગળ	૧૪
યુજીવીસેલના ગરબામાં મહાલી મહિલાઓ	૧૫
પાવર પ્રેરણા	**૧૬**
નેતૃત્ત્વશક્તિ કેળવવાના ૧૦ રસ્તા	૧૬
આફ્રિકાના છોકરડાએ વિન્ડ મિલ બનાવી	૧૭
પાવર કિડ્ઝ	**૧૮**
પવનથી પાવરની પ્રાપ્તિ	૧૮
બાળકો અને વીજળી	૧૮
અત્યાધુનિક પવનચક્કીઓ	૧૯
પાવરક્વિઝ	૧૯

નવા ઉમંગ, નવી ચેતના સાથે સૌના જીવનમાં આનંદનો ઉજાસ ફેલાવવા માટે કટિબદ્ધ થઈશું તો નવું વર્ષ ચોક્કસ સૌના માટે મંગળકારી બની રહેશે.

પ્રિય મિત્રો,

આપને તથા આપના પરિવારના સૌ સભ્યોને ઉજાસના મંગળ પર્વ દિવાળી અને શુભદાયી નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ!

પ્રકાશ અને આપણા કાર્યને ગાઢ સંપર્ક છે. પરંતુ વીજળીને આપણે માત્ર પ્રકાશના સીમિત અર્થમાં ન લઈએ. વીજળી જીવનમાં સ્થૂળ પ્રકાશ તો રેલાવે જ છે, સાથોસાથ તે અનેકવિધ રીતે જીવનનાં નવાં સોપાન સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે. વીજળીથી શિક્ષણ સુલભ બને છે. વીજળીથી આજીવિકા મળે છે અને વીજળીથી જીવનમાં ખુશાલી વ્યાપે છે.

આમ, પ્રકાશના પર્વે આપણે પ્રકાશરૂપી વીજળીના દૂરગામી લાભ પણ જોઈએ અને નવા ઉમંગ, નવી ચેતના સાથે સૌના જીવનમાં આનંદનો ઉજાસ ફેલાવવા માટે કટિબદ્ધ થઈશું તો નવું વર્ષ ચોક્કસ સૌના માટે મંગળકારી બની રહેશે.

મિત્રો, યુજીવીસીએલમાં આપણે હંમેશા આપણા કાર્યક્ષેત્રને વીજપુરવઠો પૂરો પાડવાથી વિશેષ અને વ્યાપક માન્યું છે. એ પરંપરાને આગળ ધપાવતાં, આપણા ખેડૂત ગ્રાહકોના જીવનમાં આશાનો નવો સંચાર કરવા માટે કંપનીએ એક પહેલ આદરી છે. આપ જાણો છો તેમ કંપનીના કાર્યવિસ્તારમાં ભૂગર્ભજળ સતત ઊંડાં ઊતરી રહ્યાં છે અને પરિણામે વીજવપરાશ પર સતત વધી રહ્યો છે. આ વિષમ સ્થિતિમાંથી ખેડૂતોને ઉગારવા માટે, તેમની આવક સ્થિર અને સુનિશ્ચિત કરવા માટે તેમ જ તેમને પાણી અને વીજળી બંનેના કાર્યક્ષમ ઉપયોગને શક્ય બનાવતી વિવિધ ટેકનોલોજીથી પરિચિત કરાવવા માટે યુજીવીએસલ દ્વારા ગુજરાત સરકારના વિવિધ વિભાગ, દાંતીવાડા કૃષિયુનિવર્સિટી તેમ જ કોલંબિયા વૉટર સેન્ટરના સાથમાં એક વિસ્તૃત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. 'આપણું યુજીવીસીએલ'ના આ અંકમાં આપને એ વિશે વિગતવાર માહિતી મળશે.

ફરી એક વાર હાર્દિક શુભેચ્છાઓ સાથે,

એ. કે. વર્મા, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપનીની પાંચ વર્ષની પ્રગતિશીલ વિકાસયાત્રાના આપ સૌ અવિભાજય અંગ છો. ગત વર્ષની કંપનીની કામગીરી અને સિદ્ધિઓને લક્ષમાં લઈને વધુ ઉચ્ચ લક્ષ્યાંકો નકકી કરી, તેને પૂર્ણ કરીએ તેમ જ વિકાસયાત્રા વધુ તેજ ગતિએ આગળ વધારીએ અને કંપની સફળતાનાં નવાં શિખરો સર કરે તે માટે ખાસ શુભેચ્છા પાઠવું છું.

વિક્રમ સંવત ૨૦૬૭નું નૂતન વર્ષ આપના તથા આપના કુટુંબીજનો માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બની રહે તેવી શુભેચ્છા સહ ખુશાલીસભર દિવાળીની હાર્દિક શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન.

પી. જે. પટેલ
મુખ્ય ઇજનેર (ઓપરેશન)

ગુજરાત રાજયના વિકાસમાં આમૂલ પરિવર્તનો ઊર્જા ક્ષેત્રને આભારી છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીનું ઊર્જા ક્ષેત્રે આગવું પ્રદાન આપ સર્વેના નિષ્ઠાવાન પ્રયત્નોને આભારી છે. રાજયના વિકાસની ગતિ વેગવંતી બનાવવાના ભગીરથ કાર્યના આયોજનમાં સહભાગી બની સૌના સહિયારા પ્રયાસો સાર્થક કરવાની શકિત આપણને પરમ કૃપાળુ પરમાત્મા અર્પે તે માટે પ્રાથના કરું છું.

વિક્રમ સંવત ૨૦૬૭નું નૂતન વર્ષ આપ તથા આપના કુટુંબીજનો માટે સુખ, શાંતિ, સલામતી અને સમૃદ્ધિવર્ધક નીવડે તેવી શુભકામના સહ દીપાવલીની શુભેચ્છા અને નૂતન વર્ષનાં અભિનંદન પાઠવું છું.

આર. જી. એન્જિનિયર
મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)

મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલના હસ્તે ગુજરાતને પાવર ઈન્ડિયા એક્સિલન્સ એવોર્ડ-૨૦૧૦ એનાયત

ઊર્જા ક્ષેત્રે અવનવી સિદ્ધિઓના નવાં સોપાનો સર કરીને સમગ્ર દેશમાં ગુજરાત નંબર વન બન્યું છે. ગુજરાતને છેલ્લાં ૬ વર્ષ દરમિયાન ઊર્જા ક્ષેત્રે યશસ્વી સિદ્ધિઓ થકી કુલ ૨૭ એવોર્ડ્ઝ મળ્યા છે તેમાં પાવર ઇન્ડિયા એક્સિલન્સ એવોર્ડ - ૨૦૧૦ માટે ગુજરાતની પસંદગીથી સફળતાના મુકુટ પર એક વધુ પીંછું ઉમેરાયું છે.

૨૦૧૦ના ઓક્ટોબરની ૨૭મી તારીખે મુંબઇમાં એક આંતરરાષ્ટ્રીય કક્ષાનો સમારોહ યોજાયો હતો જેમાં મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલના વરદ હસ્તે પાવર ઇન્ડિયા એક્સિલન્સ એવોર્ડ - ૨૦૧૦ ગુજરાતના ઊર્જા રાજ્યમંત્રી શ્રી સૌરભભાઇ પટેલને આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ઊર્જા મંત્રી શ્રી સુશીલકુમાર શિંદે અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી અશોકરાવ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ગૌરવવંતો એવોર્ડ સ્વીકારતાં શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે "વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધીમાં ૬ વર્ષના સમયગાળામાં ગુજરાત રાજ્યે આ એવોર્ડ ચોથી વાર પ્રાપ્ત કર્યો છે અને તે માટે મને ગર્વ છે."

સ્વપ્નદ્રષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની રાહબરી હેઠળ ગુજરાત રાજ્યે ઊર્જા ક્ષેત્રે વિવિધ કામગીરીઓમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ મેળવી છે.

[છેલ્લાં ૬ વર્ષ દરમિયાન ઊર્જા ક્ષેત્રે યશસ્વી સિદ્ધિઓ થકી ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાના કુલ ૨૭ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ મેળવ્યા છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવપ્રદ છે.]

ઊર્જા ક્ષેત્રે ગુજરાત રાજ્યે સર કરેલાં સોપાનોની દેશમાં વધુ એક વાર નોંધ લેવાઇ છે અને ઇન્ડિયા ટેક ફાઉન્ડેશન દ્વારા ઊર્જા ક્ષેત્રે સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઊર્જા મંત્રીએ જણાવ્યું કે ઇ-ઊર્જા જેવી અદ્યતન ટેક્નોલોજીના ઉપયોગ થકી રાજ્યની વીજ કંપનીઓ દ્વારા માનવસંપદા, નાણા અને માલ-સામાનનો કાર્યક્ષમ ઉપયોગ થવાના કારણે ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે અને તેના કારણે ગ્રાહકોના સંતોષમાં વધારો થયો છે. રાજ્યના ગ્રામ્ય ગ્રાહકો તેમની જ ગ્રામ પંચાયતોમાં વીજ બિલોની સરળ ચૂકવણી કરી શકે તે માટે ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ જેવી યોજના પણ આ સરકાર દ્વારા અમલી બનાવાઇ છે. આમ પ્રજાલક્ષી સરકાર દ્વારા પ્રજા કલ્યાણકારી અનેક પગલાં લેવાયાં છે અને તેની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવાઇ છે. આ સિદ્ધિ બદલ રાજ્યને ઇન્ડિયા ટેક એક્સિલન્સ એવોર્ડ ૨૦૧૦ ફાળવવામાં આવ્યો છે, જે રાજ્ય માટે ગૌરવની વાત છે.

ઊર્જા, પર્યાવરણ, ટેક્નોલોજી અને માળખાકીય સંશોધનોના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ઇન્ડિયા ટેક ફાઉન્ડેશન દ્વારા દેશના વિવિધ રાજ્યોની ઊર્જા ક્ષેત્રે થયેલી કામગીરીઓની ગુણાત્મક તુલના કરવામાં આવી હતી. ઊર્જા ક્ષેત્રની કામગીરીનું મૂલ્યાંકન ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ શ્રી એ. એમ. અહેમદી, રાષ્ટ્રના એનર્જી પ્લાનિંગ કમિશનના પૂર્વ સભ્ય ડૉ. એમ. આર. શ્રીનિવાસન, સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના પૂર્વ ચેરમેન શ્રી એ. કે. બાસુ અને કેન્દ્ર સરકારના પૂર્વ ઊર્જા સચિવ શ્રી આર. વી. શાહી જેવા અગ્રગણ્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉદ્‌બોધનના અંતમાં રાજ્ય ઊર્જા મંત્રીએ કહ્યું હતું કે રાજ્યને ઊર્જા ક્ષેત્રે છેલ્લાં ૬ વર્ષોમાં પ્રાપ્ત થયેલા ૨૭ એવોર્ડ્ઝ સમગ્ર ગુજરાતની પ્રજાએ ગૌરવ લેવા જેવી બાબત છે. તે સાથે તેમણે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો કે સબળ નેતૃત્વ હેઠળ પ્રજાકીય સહયોગ થકી હજુ પણ વધુ સારી કામગીરી કરવા રાજ્યનું ઊર્જા તંત્ર કટિબદ્ધ છે, અને રહેશે. ■

ગુજરાત રાજ્યની એનર્જી એફિશિયન્ટ પંપ સેટ યોજના માટે અનોખી પહેલ

ગુજરાત રાજ્ય સરકારે ઉત્તર ગુજરાતના ૯ તાલુકા તેમ જ પશ્ચિમ ગુજરાતના બે તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ તેમ જ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ખેતી વિષયક વીજ ગ્રાહકો પૈકી હોર્સ પાવર આધારિત વીજગ્રાહકો માટે જૂના સબમર્સિબલ પંપ બદલીને વધુ ક્ષમતાવાળા એનર્જી એફિશિયન્ટ પંપ સેટ બદલવાની યોજના પાઇલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મૂકી હતી.

આ સ્કીમનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે વીજળીનો બગાડ થતો અટકાવવો અને યોજના દ્વારા બચાવાયેલ વીજળી અન્ય જરૂરિયાતવાળા વીજગ્રાહકોને પૂરી પાડવી. આ યોજના મુજબ નવા એનર્જી એફિશિયન્ટ પંપના ખર્ચના ભાગને ત્રણ ભાગમાં વહેંચી દેવાયો હતો જેમાં વીજ ગ્રાહક, વીજ કંપની અને ગુજરાત રાજ્ય સરકારને ભાગે એક તૃતિયાંશ ફાળવવાનું ઠરાવવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય સરકારની એનર્જી એફિશિયન્ટ પંપ સેટ યોજના ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રવાળા ૯ તાલુકામાં અમલમાં મૂકવામાં આવી હતી. યોજનાના બહોળા પ્રચાર તેમ જ ખેતીવાડીને લગતા વીજ ગ્રાહકોને ઊર્જા બચતની સાચી સમજ આપવા માટે જન જાગૃતિ કાર્યક્રમોનું કિસાન કેમ્પ દ્વારા ગામેગામ આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર મેળાઓ તેમ જ સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા જાહેરાતો આપીને પણ આ યોજનાનો લાભ લેવાનો ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સઘન પ્રયાસ કરવામાં આવ્યો હતો.

યોજના અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રવાળા વિસ્તારમાં ૧૨,૯૨૯ ઉચ્ચ ગુણવત્તાવાળા એનર્જી એફિશિયન્ટ સબમર્સિબલ પંપ બદલવામાં આવ્યા હતા.

જૂના તેમ જ નવા સબમર્સિબલ પંપોને બદલતી વખતે વીજ વપરાશની માપણી કરવામાં આવી હતી જેના પરિણામે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૦૩૦૭૧ હોર્સપાવર એટલે કે ૭૬.૮૯ મેગાવોટ વીજળીની વાર્ષિક બચત થઇ હતી જે ખેતીવાડી સિવાય અન્ય જરૂરિયાતવાળા વીજ ગ્રાહકોને પૂરી પાડવામાં આવી હતી. ■

યોજનાના લાભ

- આ યોજનામાં ભાગ લીધેલ વીજ ગ્રાહકને નવા એનર્જી એફિશિયન્ટ સબમર્સીબલ પંપની કુલ કિંમતની બે તૃતિયાંશ રકમ સબસીડી રૂપે મળે છે.
- યોજનામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૫.૬૯ ટકા વીજ બચત થઇ છે.
- વીજ ગ્રાહકને લોડ ઘટાડાનો લાભ પણ અપાવ્યો છે. જેના કારણે ખેડૂતના બિલમાં બચત થઇ છે.
- યોજનામાં લગાવેલા નવા વોટર પંપની ૧ વર્ષની ગેરંટી તથા ૩ વર્ષની વોરંટી હોવાથી ખેડૂતને ચાર વર્ષ સુધી રીપેરિંગ ખર્ચમાં રાહત મળી છે.
- ખેડૂતોમાં વીજ બચત તેમ જ વીજળીનાં સદઉપયોગની જાગૃતિ આવી છે.
- જૂના સબમર્સીબલ પંપ ભંગાર તરીકે જમા કરી તેનો હરાજી દ્વારા નિકાલ કરવાથી યુજીવીસીએલને આવક થઇ છે.

કંપનીની કામગીરી અંગે

મહત્ત્વપૂર્ણ મીટિંગનું આયોજન થયું

યુજીવીસીએલ દ્વારા તાજેતરમાં, સ્ટ્રેટેજિક પ્લાનિંગ કરવા માટે એક મહત્ત્વપૂર્ણ મીટિંગનું ગાંધીનગર-મહુડી હાઈવે પર અલોઆ હિલ્સ ખાતે ૨૪ ઓક્ટોબરે આયોજન કરવામાં આવ્યું હતું.

મીટિંગ દરમિયાન ટેક્નિકલ અને ફાઈનાન્સ વિભાગ દ્વારા રેવન્યુ વધારવી અને ખર્ચ ઓછો કરવા (નગરપાલિકા/વોટરવર્ક્સનાં એરિયર્સ, એજી સેક્ટરમાં એએમઆર), ફ્રેન્ચાઈઝી, ઈન્સેન્ટિવ, ટ્રેડિશનલ મેથડ્ઝ અને અન્ય આઈડિયા અપનાવી ડિસ્ટ્રીબ્યુશન લોસ ઘટાડવા, ઇ-ઊર્જા, સ્માર્ટ મીટરિંગ, એસસીએડીએ, જીઆઈએસ, સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ/અપગ્રેડેશન જેવી નવી ટેક્નોલોજી અપનાવવી, ઈનફ્રાસ્ટ્રક્ચરના વિકાસ દ્વારા ગુણવત્તાસભર વીજપુરવઠો આપીને ગ્રાહકોનો સંતોષ મેળવવાના પ્રયત્નો કરવા, કર્મચારીઓનો સંતોષ, કાર્યસ્થળે સારું વાતાવરણ, સમસ્યાઓ દૂર કરવી, સુરક્ષા અને નોલેજ મેનેજમેન્ટ જેવી વસ્તુઓ અપનાવી એચઆર વિભાગને મજબૂત કરવા જેવા મુદ્દા પર સઘન ચર્ચા થઇ હતી.

મીટિંગ દરમિયાન કંપનીની ભાવિ કામગીરીને સુદૃઢ બનાવવા માટે કેટલાંક ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં આયોજનો વિચારવામાં આવ્યાં હતાં. જેમ કે નવી ટેક્નોલોજી અપનાવવા માટે ટૂંકા ગાળાનાં પગલાં તરીકે એલટી બિલિંગ, ઈન્વેન્ટરી, પરચેઝ અને લીગલ મોડ્યુલ વગેરેને ટૂંકા ગાળામાં પૂર્ણ કરવાનું નક્કી થયું અને ટ્રાયલ બેલેન્સ તથા રીકન્સીલીએશન તેમ જ પેન્ડન્સી અને વેબસાઈટ પર નવાં કનેક્શનના સ્ટેટસની જાણકારી મૂકવાનું નક્કી થયું હતું.

નવી ટેક્નોલોજી જીઆઈએસને અપનાવવામાં ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના આયોજનોમાં ઇ-ઊર્જા માટે જીયુવીએનએલનો સહયોગ લેવા, વર્તમાન સર્વે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

એસસીએડીએની નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરી અમદાવાદમાં ટૂંકા ગાળાનો પ્રોજેક્ટ શરૂ કરવો તેમ જ લાંબા ગાળાના કાર્યરૂપે આવનારા પાંચ વર્ષોમાં અમદાવાદ સિવાયના મુખ્ય જિલ્લા હેડક્વાર્ટર્સમાં શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો.

મીટિંગ દરમિયાન આગળ નવી ટેક્નોલોજી સિવાય સિસ્ટમને સુધારવા અને અપગ્રેડ કરવા માટે ભાર મૂકાયો હતો.

આ બંને કાર્યો માટે સારી ગુણવત્તાની વોલ્ટેજવાળી ઊર્જા આપવા માટે અર્થિંગ રીએક્ટિવેશન અને નેટવર્કને બેલેન્સિંગ/સુદૃઢ બનાવવા પર ભાર મૂકાયો હતો. આ ઉપરાંત બોક્સ લોકિંગ સુવિધા, સંભવિત ગ્રાહકો માટે બુકલેટ બનાવવી, મીટર રીડિંગ, ડીટીસી મીટરને રેટિફાય કરવા માટે આઉટસોર્સિંગ કરવું અને એચ.ટી, એ.ટી અને ટ્રાન્સફોર્મરના નવીન કાર્યો કરવા માટે કીટ-વાઈઝ તેમ જ સેટ-વાઈઝ મટીરિયલ ખરીદવા વિચારણા થઈ હતી.

આ જ વિષય પર લાંબા ગાળાના આયોજનો રૂપે નિર્ણય લેવાયો હતો કે શહેરી અને ઔદ્યોગિક ફીડરનું રીકનડક્ટરિંગ કરવામાં આવે, લોડ ગ્રોથનો રીવ્યુ કરવો અને સિસ્ટમને અપગ્રેડ કરવા માટે જેટકોને પ્રસ્તાવ આપવામાં આવે.

ઔદ્યોગિક વિસ્તારોમાં ડીઓજી કન્ડક્ટર વાપરી ડબલ સર્કિટ નેટવર્ક તૈયાર કરવું, અપેક્ષિત લોડને ઓળખવો, ગીચ વસ્તીવાળા અને વધુ વૃક્ષોવાળી જગ્યાએ એચ ટી એબીસીનો ઉપયોગ કરવો, ૨૦ વર્ષ જૂના ટ્રાન્સફોર્મર્સને એમોર્ફસ/સીઆરજીઓ ટ્રાન્સફોર્મરથી બદલવા વગેરે પર સઘન ચર્ચા થઇ હતી.

રેવન્યુ વધારવા અને ખર્ચને ઓછો કરવા માટે પીઆરટી ૯૯૪/આઈટી દ્વારા કંઝમશનની તુલના કરવી, ફોટો મીટર રીડિંગ જેવા ટૂંકા ગાળાના અને લોસ મેકિંગ ડિવિઝનોની એફિશિયન્સી વધારવા જેવા લાંબા ગાળાના કાર્યક્રમો અંગે વિસ્તારથી ચર્ચા થઇ હતી.

ટીએન્ડડી લોસ ઓછો કરવાના કાર્યક્રમો માટે નોન એજી ૯ ટકા અને એજી ૧૧ ટકાના ટાર્ગેટ મૂકાયા હતા. કન્વેન્શનલ મીટરને બદલવા જેવા ટૂંકા અને લાંબા ગાળાની યોજના બની હતી.

એચઆર સંબંધિત સર્વિસ રુલ્સ, સર્ક્યુલર્સ વગેરે ઈન્ટ્રાનેટ પર ઉપલબ્ધ કરવા, એચઆર, એકાઉન્ટ્સ રુલ્સ અને રેગ્યુલેશન્સ માટે કર્મચારીઓને તાલીમબદ્ધ કરવા જેવા મુદ્દા પણ ચર્ચાયા.

ગ્રાહકોના સંતોષ માટે સેન્ટ્રલાઈઝ્ડ કમ્પ્લેઈન્ટ બુકિંગ ચાલુ કરવા અને ડીમાન્ડ પ્રમાણે કનેક્શન આપવા તેમજ પાવરની ગુણવત્તા જાળવવા માટે ખાસ ચર્ચા કરવામાં આવી હતી.

મીટિંગમાં ભાગ લેનાર દરેક વ્યક્તિઓએ ફેક્ટ અને ફીગર સાથે, પોતાના વિચારો, પ્લાન વિશે વિસ્તારથી સ્થિતિનું વિવરણ આપ્યું હતું. વોટ ઓફ થેંક્સ સાથે મીટિંગ પૂર્ણ કરવામાં આવી હતી. ■

સફળ ઈન્વેન્ટરી લેગસી ડીકમિશનિંગ

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે જીયુવીએલએલ અને તેની અન્ય સબસિડિયરી કંપનીઓએ મળીને નિર્ણય લીધો છે કે માર્ચ ૨૦૧૧ સુધીમાં ઇ-ઊર્જા કાર્યરત કરવી અને લીગસી ડીકમિશનિંગ ૧૦૦ ટકા સિદ્ધ કરાશે. આ ટાર્ગેટ સિદ્ધ કરવા માટે યુજીવીસીએલે કેટલીક પહેલ કરી છે અને ઓક્ટોબર ૨૦૧૦થી જ ઇન્વેન્ટરી મોડ્યુલ લીગસી ડીકમિશનિંગ અપનાવી ઇ-ઊર્જાને આખા યુજીવીસીએલમાં અપનાવવામાં આવશે.

આ માઇલસ્ટોનને સિદ્ધ કરવા માટે પહેલેથી જ વિસ્તારપૂર્વકનો પ્લાન બનાવવામાં આવ્યો હતો. આ માટે મહેસાણા ખાતે તારીખ ૨૦ સપ્ટેમ્બરે યોજાયેલી ટ્રેનિંગમાં ઓલ પ્રોસેસ ચેમ્પિયન્સ, નોડલ ઓફિસર્સ અને એકાઉન્ટ સ્ટાફે ભાગ લીધો હતો. નિર્ધારિત સમયાવધિમાં કાર્ય પૂર્ણ કરવા માટેના અનેક મુદ્દા પર વિસ્તારપૂર્વક ચર્ચા થઇ હતી.

ટ્રેનિંગ અને ચર્ચા પૂર્ણ થયા પછી દરેક પ્રોસેસ ચેમ્પિયનોએ પોતાના સર્કલ, ડિવિઝન અને સબ-ડિવિઝનમાં આ જ રીતની મીટિંગનું આયોજન કર્યુ હતું. પ્લાન અને કાર્ય પડકારરૂપ હોવા છતાં ભાગ લેનારી દરેક વ્યક્તિએ ઇનવેન્ટરી મોડ્યુલ લીગસી ડીકમિશનિંગ નિર્ધારિત સમયે પૂર્ણ કરવા માટેના પ્રયત્નો કરવા માટે પોતાની સહમતી દેખાડી હતી.

યુજીવીસીએલના સ્ટાફે આ પડકારને ઝીલ્યો હતો અને નિષ્ઠાપૂર્વક અને લગનપૂર્વક રાત્રે મોડે સુધી જાગીને અને રજાઓમાં પણ કામ કરીને કાર્યને સફળતાના રાહે લઇ ગયા હતા.

કાર્યની શરૂઆતમાં આરએસઓથી માંડીને સબ ડિવિઝન સુધીના દરેક ફિઝિકલ સ્ટોક વેરિફિકેશન કરી પ્રથમ કાર્ય પૂર્ણ કર્યુ હતું. ઇ-ઊર્જા સાથે તે ફિઝિકલ સ્ટોકને ટેલી કરવામાં આવ્યો હતો. આ માટે જે રસીદો અને ટ્રાન્ઝેક્શન પેન્ડિંગ હતાં તેમને ક્લીયર કરવામાં આવ્યા હતાં.

પેન્ડિંગ ઇન્ટર્નલ રીક્વિઝિશન અને મૂવ ઓર્ડર્સને પણ ક્લીયર કરવામાં આવ્યા હતા. ફિઝિકલ સ્ટોક અને જે સ્ટોક હાથવગો હતો તેને કઠિન મહેનત દ્વારા સફળ બનાવી બંનેનું ડીકમિશનિંગ ૩૦ સપ્ટેમ્બર પહેલાં પૂર્ણ કર્યુ હતું.

આરએસઓ, ડિવિઝન સ્ટોર્સ અને ડિવિઝન ઓફિસો અને સબ-ડિવિઝન ઓફિસોનાં આઇટમવાઇઝ કોસ્ટ અપડેશન કરવામાં આવ્યાં હતાં. આ કાર્યને પૂર્ણ કરવા માટે ટેક્નિકલ અને ફાઇનાન્શિયલ વિભાગના કર્મચારીઓએ એક ટીમ તરીકે સતત અને સખત મહેનત કરી હતી.

આ માટે યુજીવીસીએલના સ્ટાફના લોકોએ પૂર્ણ સહયોગ આપ્યો હતો.

કાર્યની સફળતાના અંતે ઇન્વેન્ટરી મોડ્યુલને લાઇવ કરવા માટે યુજીવીસીએલના એમડીએ ૪ ઓક્ટોબરે બપોરે ૧૨ વાગે ઉદ્ઘાટન કર્યુ હતું જે ઓક્ટોબર ૨૦૧૦ ઓપનિંગ પીરિયડ તરીકે માનવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ કર્મચારીઓના કાર્યની સરાહના કરી હતી અને ટીમ સ્પિરિટના વખાણ કર્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે ઇ-ઊર્જા અને અન્ય લેટેસ્ટ આઇટી વિકાસ માટે વર્તુળ, ડિવિઝન અને સબ-ડિવિઝનને ટ્રેનિંગ આપી હતી તેને સફળતા માટે મહત્ત્વનું પાસું ગણાવ્યું હતું.

જીયુવીએએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એલ. ચુઆંગો અને યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપનારી દરેક વ્યક્તિને પોતાના તરફથી ધન્યવાદ આપ્યા હતા. ■

શ્રી એન્જિનીયરે નવો કાર્યભાર સંભાળ્યો

યુજીવીસીએલ, મહેસાણામાં નવનિયુક્ત શ્રી આર. જી. એન્જિનિયર ચીફ એન્જિનિયર પદનો કાર્યભાર સંભાળ્યો છે. શ્રી એન્જિનિયરે તેમની કારકિર્દીની શરૂઆત ૧૯૮૦માં વિજાપુર ડિવિઝનમાં જુનિયર એન્જિનિયર તરીકે કરેલ. ૧૯૮૧માં ડેપ્યુટી એન્જિનિયર તરીકે બઢતી મેળવી. ૧૯૮૪માં એ જ પદ સાથે તલોદ ગયા હતા. આ જ કાર્યભાર પાલનપુર, વાંકાનેર, બાયડ અને મોડાસામાં પણ સારી રીતે સંભાળ્યો હતો. તેઓ શ્રી ૧૯૯૮માં કાર્યપાલક ઇજનેર તરીકે બઢતી પામેલ. ૨૦૦૫માં અધિક્ષક ઇજનેર તરીકે બઢતી પામેલ. ત્યાર બાદ ૨૦૦૮ના ડિસેમ્બરમાં વિશેષ મુખ્ય ઇજનેર તરીકે બઢતી પામેલ. ચીફ એન્જિનિયર તરીકે પદભાર સંભાળતાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા.

શ્રી એમ. જી. પટેલ નિવૃત્ત થયા



યુજીવીસીએલની પ્રગતિમાં નોંધપાત્ર ફાળો આપતી યશસ્વી કારકિર્દી બાદ, મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલ નિવૃત્ત થયા છે. ૧૯૭૮થી કારકિર્દી શરૂ કરી વિવિધ સોપાનો સર કરતાં કરતાં તેમણે જવાબદાર પદ સંભાળ્યાં. જુ. ઇજનેરથી શરૂ કરીને નાયબ ઇજનેર, કાર્યપાલક ઇજનેર, અધિક્ષક ઇજનેર અને છેલ્લે મુખ્ય ઇજનેર તરીકે કંપનીને નવી ઊંચાઇએ લઇ જવામાં શ્રી પટેલનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

વિદાયમાન સમારંભમાં યુજીવીસીએલના અધિકારીઓ, કર્મચારીઓએ તેમને ભાવભીની વિદાય આપી હતી. શ્રી પટેલનો કાર્યકાળ યુજીવીસીએલના ઇતિહાસમાં યાદ રખાશે.

ઊર્જા શક્તિ માસની પૂર્ણાહુતિ

ઓગસ્ટ માસ દરમિયાન ઉજવવામાં આવેલ ઊર્જા શક્તિ માસની પૂર્ણાહુતિનો સમારંભ ૩૧મી ઓગસ્ટ ૨૦૧૦ના રોજ યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માની અધ્યક્ષતામાં જેટકો-યુજીવીસીએલ રીક્રીએશન ક્લબ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે યુજીવીસીએલ-જેટકોના કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં મેનેજિંગ ડિરેક્ટર શ્રી વર્માએ સમગ્ર ઊર્જા શક્તિ માસની ઉજવણી સફળતાપૂર્વક કરવા બદલ કંપનીના તમામ કર્મચારીઓનો આભાર માન્યો હતો. તેમણે ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું સફળ આયોજન કરવા અનુરોધ કરીને વિવિધ પ્રવૃત્તિઓ તેમ જ હરિફાઈમાં વિજેતા કર્મચારીઓને ઇનામો આપીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલ, શ્રી પી. જે. પટેલ, ઇનચાર્જ એડીશનલ જનરલ મેનેજર શ્રી ડી. એમ. તિવારી અને કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોશી ઉપરાંત જેટકોના વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા. ■

પાણી અને વીજળીના કાર્યક્ષમ ઉપયોગ માટે દૂરંદેશીભર્યો અભ્યાસ

COLUMBIA WATER CENTER
THE EARTH INSTITUTE AT COLUMBIA UNIVERSITY

ઉત્તર ગુજરાતના અર્થતંત્રના કેન્દ્રમાં ખેતી છે. કેટલાય પ્રકારના રોકડિયા પાકથી આ વિસ્તાર રાજ્યના કૃષિ ઉત્પાદનમાં મોટો ફાળો આપે છે. પરંતુ ભૂગર્ભજળ અને વીજળીના વધતા ઉપયોગને કારણે આ વિસ્તારમાં ગંભીર સમસ્યાઓ સર્જાય તેમ છે. હેક્ટર દીઠ યુનિટના હિસાબે, આ વિસ્તારમાં રાષ્ટ્રીય સરેરાશ કરતાં ત્રણ ગણી વીજળીનો ઉપયોગ થાય છે. ભૂગર્ભ જળ છેલ્લાં ૩૦ વર્ષમાં ૮૦ મીટરથી વધુ ઊંડાં ગયાં છે. આ સ્થિતિમાં હજી વધુ ઊંડેથી પાણી ખેંચવા માટે વીજળીનો ઉપયોગ હજી વધે તેવી શક્યતા છે. આ બધાની અસર છેવટે ખેડૂતની આજીવિકા પર થાય છે.

આ સમસ્યાનો ઉપાય શું હોઈ શકે? આ સવાલનો જવાબ શોધવા માટે, પહેલાં તો પાણી-ઊર્જા-અન્ન અને આજીવિકા વચ્ચેના સંબંધને તપાસવો જરૂરી બને છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીએ હંમેશા પોતાનું કાર્યફલક વીજળીના વિતરણ પૂરતું સીમિત ન રાખતાં, રાજ્યના આર્થિક-સામાજિક વિકાસમાં યોગદાન પર ધ્યાન આપ્યું છે. એ જ કારણસર, ખેડૂતોની અને છેવટે રાજ્યની આર્થિક સમૃદ્ધિનો જેના પર આધાર છે, એવા આ પાણી-વીજળી અને આજીવિકાના મુદ્દા પર કંપનીએ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ માટે, યુજીવીસીએલ કંપનીએ ન્યૂ યોર્ક ખાતેની કોલંબિયા યુનિવર્સિટીના કોલંબિયા વૉટર સેન્ટર-ઇન્ડિયાના સહયોગમાં, કંપનીના કૂકરવાડા સબ ડિવિઝનમાં, સંસાધનોની લાંબા ગાળાની ઉપલબ્ધિ કેળવીને ખેડૂતોની આવક વધારવા કે સુનિશ્ચિત કરવા અંગે એક પાયલોટ અભ્યાસ હાથ ધર્યો હતો.

આ અભ્યાસમાં, સરદાર કૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગઅને કૃષિ અને સહકાર વિભાગ તથા ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની તથા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીનો પણ સહયોગ સાંપડ્યો.

આ અભ્યાસ ૨૦૦૮થી ૨૦૧૦ના બે વર્ષ દરમિયાન, બે તબક્કામાં કરવામાં આવ્યો.

આ બંને તબક્કાના અભ્યાસ હાલ પૂરા થઈ ગયા છે અને તેના આધારે સંભવિત ઉપાયોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. તેના આધારે, ઊર્જા અને પાણીની બચત માટે ખેડૂતોને પ્રોત્સાહન મળે તેવા પ્રયાસો વિચારવામાં આવ્યા છે.

અભ્યાસના બંને તબક્કાનાં તારણો

અભ્યાસના વિસ્તારમાં છેલ્લાં ૧૫-૨૦ વર્ષથી ભૂગર્ભજળ સતત નીચે ઊતરી રહ્યાં છે અને હાલમાં જમીનના સ્તરથી ૬૦૦ ફૂટથી વધુ ઊંડે ઊતરી ગયાં છે. તેના કારણે આ વિસ્તારમાંનાં ભૂગર્ભજળ કાયમી ધોરણે ક્ષારગ્રસ્ત થઈ જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. અહીં ખેડૂતોના મત અનુસાર, દર વર્ષે લગભગ ૯ ફૂટથી ૨૦ ફૂટના દરે પાણી

અભ્યાસના મુખ્ય હેતુઓ

૧. યુજીવીસીએલના કૂકરવાડા સબડિવિઝન માટે પાણી-ઊર્જા-કૃષિ અને આજીવિકાનો સંબંધ સમજીને તેને તપાસવો
૨. આ સંબંધમાં રહેલું અસમતુલન તપાસીને, ખેડૂતની ભવિષ્યની આવક પર તેની અસર તપાસવી (ઊંડું જતું ભૂગર્ભજળ મેળવવા માટે વીજળીના વધુ વપરાશથી થતા ખર્ચ અને ખેતીમાંથી થતી આવક વચ્ચેનું અંતર તપાસવું)
૩. સંસાધનોના સંવર્ધન દ્વારા ખેડૂતની આવકને સ્થિરતા કેવી રીતે આપી શકાય તેના વ્યૂહો નક્કી કરવા
૪. ઊર્જા અને પાણીના સંવર્ધનના વ્યૂહો તપાસવાના કામમાં સંકળાવા માટે ખેડૂતો કેટલા તૈયાર છે એ તપાસવું
૫. તમામ સહભાગી સંસ્થાઓના પ્રતિનિધિત્વ સાથે એક કાર્યકારી અને સલાહકારી જૂથ રચીને રાજ્યની વીજ સબસીડીઓ અને અન્ય ઉપાયો અંગે ફેરવિચારણા કરવી
૬. પાણી અને ઊર્જાના સંવર્ધન તેમ જ કાર્યક્ષમતા સંકલિત રીતે વધારવા માટે અમલનું તંત્ર ડિઝાઇન તૈયાર કરવું
૭. સમગ્ર આયોજનને વ્યાપક વિસ્તારમાં અમલી બનાવવું

નીચે ઊતરી રહ્યાં છે.અભ્યાસ માટે લેવાયેલા નમૂનાઓમાં ૮૨ ટકા કૂવાઓના પાણીમાં ક્ષારનું વધુ પ્રમાણ જોવા મળ્યું છે.

ભૂગર્ભજળ ઊંડે જતાં ખેડૂતોને માઠી અસર થઈ રહી છે. તેમણે વધુ ને વધુ ઊંડા કૂવા ખોદવા પડે છે અને વધુ શક્તિશાળી પંપ ખરીદવા પડે છે. અભ્યાસ અનુસાર, આ માટે, લગભગ દર હેક્ટરે રૂા. ૫૦૦૦ જેટલો ખર્ચ થાય છે. કૂવાની ઊંડાઈ અને હોર્સપાવરના વપરાશમાં તીવ્ર વધારો થયો છે, તેમ છતાં, એક સરેરાશ કૂવાથી હવે (રવી સીઝનમાં), તેના સ્રાવ વિસ્તારના માંડ ૬૦ ટકા વિસ્તારમાં પિયત થઈ શકે છે. લગભગ તમામ ખેડૂતોએ કહ્યું કે ભૂગર્ભજળ હવે માંડ ૬ વર્ષ જેટલું ચાલશે. ત્યાર પછી, ૩૦ ટકા ખેડૂતોએ કહ્યું કે તેઓ કૂવો ઊંડો ખોદશે, ૩૦ ટકાએ કહ્યું કે તેઓ સ્થળાંતર કરી જશે અને ૨૦ ટકા ખેડૂતોએ કહ્યું કે તેઓ ચોમાસા દરમિયાન જ પાક લેશે. બીજા શબ્દોમાં, ૫૦ ટકાથી વધુ ખેડૂતોએ કહ્યું કે તેઓ પિયતવાળી ખેતી કરવાનું માંડી વાળશે.

હાલમાં એક સરેરાશ રવી પાક માટે, પિયતવાળા વિસ્તારના દર એક હેક્ટર દીઠ ૬૦૦૦થી ૯૦૦૦ યુનિટ જેટલી વીજળીનો વપરાશ થાય છે. છેલ્લા દાયકામાં, પિયત વિસ્તારમાં વધારો થયો નથી, પણ વીજળીના વપરાશમાં વધારો થયો છે. અભ્યાસ માટે નોંધપાત્ર સમયગાળાના વીજવપરાશની માહિતી ઉપલબ્ધ નથી, પણ સમયાંતરે એચપીમાં થયેલો વધારો દર્શાવે છે કે વધુ ઊર્જાનો ઉપયોગ થયો છે. રવી સીઝન દરમિયાન ઘઉંના પાક માટે પાણીની જરૂરિયાતના આધારે કરેલી સાદી ગણતરી દર્શાવે છે કે હાલની ઊંડાઈએથી પાણી લિફ્ટ કરવા માટે લગભગ ૮૦૦૦ કેડબલ્યુએચ/હેક્ટર વીજળી જોઈએ છે. અભ્યાસનાં તારણો દર્શાવે છે કે પિયત કરેલી જમીનના હેક્ટરદીઠ લગભગ ૧૦ હોર્સપાવરની ક્ષમતાની મોટરવાળા પંપ આ માટે ઉપયોગમાં લેવાય છે. જો ક્ષમતાનો દરરોજ ૮ કલાક ઉપયોગ થાય તો રવી સીઝન દરમિયાન લગભગ ૬૦૦૦ કેડબલ્યુએચ વીજળી જોઈએ.

અત્યારે જે ઊંડાઈએથી ભૂગર્ભજળ મેળવાય છે તે જોતાં, હાલમાં જે રીતે ખેતી થાય છે તે આર્થિક રીતે પોસાય તેમ નથી. જો ખેડૂતોએ તેઓ જે વીજળી વાપરે છે તેની કિંમત ચૂકવવી પડે તે તેમને ખેતી કરવી પરવડે તેમ નથી. ખેતીમાં અંદાજે દર વર્ષે દરેક હેક્ટરમાંથી રૂા. ૨૦,૦૦૦ની આવક

અભ્યાસનો વિસ્તાર



કૂકરવાડા સબડિવિઝનમાં ૭૦૦ જેટલા ગ્રાહકો અને ૨૨ ફીડર્સ છે. આમાંથી ૧૩૬ ગ્રાહકો/પાણી કંપની/કૂવાઓ ધરાવતા ૪ ફીડરના વિસ્તારને પાયલોટ અમલ માટે પસંદ કરવામાં આવ્યો છે. અહીં યુજીવીસીએલ છેલ્લાં ૩ વર્ષથી ફીડર લેવલના વપરાશની નોંધ કરી રહી છે તેથી અહીં અભ્યાસ સુગમ બન્યો છે.

પરિવર્તનના પ્રયાસ

પાણી અને ઊર્જાના વપરાશમાં ઘટાડો થાય અને છતાં ખેડૂતોની આવક વધે તેવી સ્થિતિ સર્જવા માટે એક કાર્યક્રમ સૂચવવામાં આવ્યો છે, જે મુખ્યત્વે ત્રણ બાબતો પર આધારિત છે : ૧. જાગૃતિ, ૨. ટેક્નોલોજી અને ૨. આર્થિક પ્રોત્સાહન.

જાગૃતિ : જાગૃતિના પ્રયાસો હેઠળ, ખેડૂતોને ભૂગર્ભજળની વાસ્તવિક સ્થિતિ અને તેના કારણે તેમની આજીવિકા સામે જે જોખમો ઊભાં થાય છે તે વિશે માહિતગાર કરવામાં આવશે. પિયતનું પાણી અન્ય સ્રોતમાંથી મેળવવું કેટલું મુશ્કેલ છે એ વિશે પણ તેમની સમજ કેળવવામાં આવશે. આ રીતે ખેડૂતોને જાગૃત કરવામાં આવશે કે તેઓ પાણીના વપરાશને ઘટાડીને કે વધુ કાર્યક્ષમ બનાવીને જ તેમની આજીવિકા બચાવી શકે છે.

ટેક્નોલોજી : એક એક્સપર્ટ ટાસ્કફોર્સ દ્વારા પાણી બચાવતી ટેક્નોલોજીઓ, પાક લેવાની ઢબ અને પિયતની પદ્ધતિઓ, તેમના ખર્ચ અને પાણી બચતની તેમની ક્ષમતા વગેરેનો અભ્યાસ કરવામાં આવશે. આ ટેક્નોલોજીને જે તે વિસ્તારની જરૂરિયાતને અનુકૂળ કરવાનાં પગલાં પણ લેવામાં આવશે. આ બધા વિશે ખેડૂતોને પૂરતી માહિતી આપવાનું અભિયાન પણ હાથ ધરવામાં આવશે.

આર્થિક પ્રોત્સાહનો : ખેડૂતો તેઓ જેટલી વીજળી બચાવે તે દરેક યુનિટના ખર્ચમાં થતી બચતમાંથી અમુક હિસ્સો મળશે. ખેડૂતો સત્તાવાર રીતે આ પાયાની રકમ કે વીજળી પોતાના ઉપયોગ માટે વાપરી શકશે, પણ એ સાથે તેમને આમાંથી કેટલીક વીજળી વીજ કંપનીને 'પરત વેચવાનો' હક્ક પણ રહેશે. ખેડૂતો તેમની હાલની પદ્ધતિ બદલવાનું કોઈ દબાણ નહીં થાય, ફક્ત તેમને તેમના વીજ પુરવઠા પર વધારાનો અંકુશ મળશે.

સામે વીજઉત્પાદનનો ખર્ચ પ્રતિ કેડબલ્યુએચ દીઠ રૂ. ૪નો લઈએ તો ખેડૂતને એક સીઝનનો વીજળીનો ખર્ચ રૂ. ૨૪,૦૦૦ થાય છે.

વીજ કંપની પર અસર. પિયતવાળી જમીનના એકદમ દીઠ વીજળીના ઊંચા વપરાશને કારણે રાજ્યની તિજોરીમાંથી મોટી રકમનો બોજો વીજ કંપની પર જાય છે. આથી વીજ કંપનીઓ સતત આ બોજો ઘટાડવાના દબાણમાં રહે છે, પરંતુ ભૂગર્ભજળ ઊંડાં જતાં હોવાના કારણે વીજ વપરાશમાં જે વધારો થતો જાય છે તેને અંકુશમાં લેવા માટે વીજ કંપનીઓ ખાસ કશું કરી શકે તેમ નથી. હાલમાં એક કેડબલ્યુએચ વીજળી આપવાનો ખર્ચ રૂ. ૪.૧૮ છે, જ્યારે વીજ કંપનીને એક કેડબલ્યુએચ વીજળી સામે આવક રૂ. ૦.૫૦ જેટલી જ થાય છે.

પાણી અને ઊર્જાના વપરાશની કાર્યક્ષમતા વધારે તેવી અનેક કાર્યપદ્ધતિઓ અને ટેક્નોલોજીઓ છે, પરંતુ અભ્યાસના વિસ્તારમાં તેનો ભાગ્યે જ ઉપયોગ થાય છે. જેમ કે અભ્યાસમાં આવરી લેવાયેલા ૧૩૬માંથી માત્ર ૯ કૂવાના પાણીનો ટપક સિંચાઈ કે ફુવારા પદ્ધતિ જેવી ઓછા પાણીએ વધુ પિયત કરતી પદ્ધતિથી ઉપયોગ થાય છે. આવી પદ્ધતિ ઉપયોગમાં ન લેવા માટે ખેડૂતો ઊંચો ખર્ચ (૬૦ ટકા ખેડૂતોએ આ કારણ બતાવ્યું), જમીનની સ્થિતિ (૨૩ ટકા) અને જાણકારીનો અભાવ (૧૬ ટકા) જેવાં કારણો આપ્યાં.

સ્થિતિમાં પરિવર્તન માટે શું થઈ શકે?

ખેડૂતની આવકમાં ઘટાડો ન થાય અને છતાં વીજળી અને પાણીની બચત દ્વારા ખેડૂતો અને વીજ કંપની બંને માટે લાંબા ગાળાની ફાયદાકારક સ્થિતિ ઊભી થાય તેવું ચોક્કસ શક્ય છે. આ રીતે ભૂગર્ભજળનું ઊંડું જવાનું પ્રમાણ અટકશે અથવા ધીમું થશે અને પિયત લાંબા સમય સુધી પરવડે તેવી બનશે. કૂવા ઊંડા કરવાની અને હોર્સપાવર વધારવાની જરૂરિયાત ઘટશે, વીજળીનો વપરાશ વધતો અટકશે અને વીજ કંપની તથા ખેડૂતોની આવક પણ સ્થિર થશે.

પાણી અને વીજળીના વપરાશમાં ઘટાડો થવાથી, વીજળીના ખર્ચમાં ઘટાડો થવાથી જે બચત થાય તેનો અમુક ભાગ ફાળવીને ખેડૂતોની આવકને યથાવત જાળવી શકાય છે. જો ખેડૂતોને વીજળીના ખર્ચમાં થતી બચતમાંથી હિસ્સો મળે તો તેઓ પાણી અને વીજળીના તેમના વપરાશને વધુ કાર્યક્ષમ બનાવવા પ્રેરાશે. આ રીતે ખેડૂતોને તેમની બચતનો લાભ મળશે. એટલે કે હાલના ફ્લેટ વીજ દરો કરતાં વિપરિત, ખેડૂતોને વીજળીની બચત કરવાથી લાભ મળશે.

આ બચતથી પાણી અને વીજળીની બચત ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપી શકાય. આ કારણે ખેડૂતો ઓછા પ્રમાણમાં પાણી અને વીજળીનો વપરાશ કરીને પહેલાં જેટલી જ જમીનમાં પિયત કરી શકશે અને એ રીતે પોતાની આવક યથાવત જાળવી શકશે. દાખલા તરીકે, આપણે કપાસનો દાખલો લઈએ તો ટપક સિંચાઈનો ઉપયોગ થાય તો ખેડૂતનું વળતર ઘણું વધી જાય છે.

આ અભ્યાસનાં તારણોને આધારે, પાણી અને વીજળીના વપરાશમાં ઘટાડા કે તેમના વધુ કાર્યક્ષમ ઉપયોગ દ્વારા ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવાનાં અને વધારો કરવાનાં વિવિધ પગલાંઓ પર સઘન વિચારણા ચાલી રહી છે. ■

ટેહરી હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું કામ આગળ ધપ્યું

ટેહરી પ્રોજેક્ટ દ્વારા વાર્ષિક ૨,૭૯૭ મિલિયન યુનિટ ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન થાય છે. ઉપરાંત ઉત્તર પ્રદેશના ૮.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ થાય છે અને દિલ્હી અને ઉત્તર પ્રદેશની પીવાના પાણીની સમસ્યા દૂર થઇ છે જેમાં દિલ્હીમાં ૩૦૦ ક્યુસેક અને ઉત્તર પ્રદેશમાં ૨૦૦ ક્યુસેક પાણી આપવામાં આવે છે.

સરકારે ટીએચડીસીઆઇએલ દ્વારા રીવાઇઝ કરીને મૂકેલા રૂા. ૮,૩૯૦ના ટેહરી હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રેજેક્ટના સ્ટેજ વનની યોજનાને ઉત્તરખંડમાં શરૂ કરવા માટે પરવાનગી આપી દીધી છે. કેબિનેટ કમિટી ઓન ઇકોનોમિક અફેર દ્વારા રૂા.૮,૩૯૨.૪૫ના રીવાઇઝ કરેલા પ્રોજેક્ટને મંજૂરી આપી છે જે રીવાઇઝ કર્યા પહેલાંની કોસ્ટ રૂ.૨,૯૬૩.૬૬ હતી.

પ્રોજેક્ટની ટેહરી કોમ્પ્લેક્સ (૨૪૦૦ મેગાવોટ) જેમાં ટેહરી ડેમ અને હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રોજેક્ટ (૧૦૦૦મેવો) અને કોટેશ્વર ડેમ અને હાઇડ્રો પાવર પ્રોજેક્ટ અને પંપ સ્ટોરેજ પ્લાન્ટના આવશ્યક કાર્યનાં સ્ટેજ-૧ની કુલ કોસ્ટ રૂ.૨,૯૬૩ કરોડ હતી. ■

એનએચપીસીના પાવર પ્રોજેક્ટમાં અનેક અવરોધો

ભારત સરકારના ઊર્જા મંત્રાલય ઇચ્છે છે કે એનએચપીસી તેની ક્ષમતામાં ૧૦,૦૦૦ મેગાવોટનો વધારો મેળવે, પરંતુ એનએચપીસીના વિવિધ પ્રોજેક્ટ્સ જુદાં જુદાં કારણસર મુશ્કેલમાં મુકાયા છે.

પશ્ચિમ બંગાળમાં ગોરખા જન મુક્તિ મોરચાએ ટીસ્ટા લો ડેમ ૩ (૧૩૦ મેગાવોટ) અને ચાર (૧૬૦ મેગાવોટ)નાં કાર્યો ઠપ કરી દીધાં છે. તો હિમાચલ પ્રદેશમાં ભૂસ્તરીય મુદ્દાઓને કારણે ચમેરા-૩નો ૨૩૧ મેગાવોટના પ્રોજેક્ટ મુશ્કેલીમાં છે. જમ્મુ અને કાશ્મીરમાં કાયદા અને વ્યવસ્થાને લગતી સમસ્યાઓ શરૂ થવાથી કંપનીના ત્રણ પ્રોજેક્ટ પર અસર પડી છે.

વર્તમાન પંચ વર્ષીય પ્લાનમાં જણાવ્યા અનુસાર એનએચપીસી ૬૨૦૦૦ મેગાવોટ વીજળી ઉમેરવાનું લક્ષ્ય સિદ્ધ કરી શકશે નહીં એવા ડરથી ઊર્જા મંત્રાલયે એનએચપીસીને વિવિધ પ્રોજેક્ટ આડેના અવરોધોને દૂર કરવામાં મદદ કરવાની દરખાસ્ત કરી છે. હિમાચલ પ્રદેશમાં કંપની તરફથી શરૂ થનારા ૮૦૦ મેગાવોટના હાઇડ્રો પાવર પ્રોજેક્ટ અને અરુણાચલ પ્રદેશમાં ૨૦૦૦ મેગાવોટના પ્રોજેક્ટ શરૂ કરવામાં વિલંબ કેમ થઇ રહ્યો છે તે જાણવા માટે ઊર્જા મંત્રાલયે એનએચપીસીના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો શરૂ કરી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે કેટલાક પર્યાવરણના મુદ્દા અને સ્થાનિક વાંધાને લીધે કામ અટક્યું હતું.

એનએચપીસીએ હાલના પંચવર્ષીય આયોજનની મુદત દરમિયાન ત્રણ પાવર પ્રોજેક્ટ કમિશન કરવાની તૈયારી કરી હતી, પણ હવે આ આયોજન ખોરવાઈ જાય તેવી શક્યતા છે. જો આ પ્રકારના અવરોધો આવતા રહેશે તો કંપનીના સર્વાંગી આયોજનમાં વિલંબ થશે.

સરકાર વર્તમાન પ્લાન અવધિમાં ૬૨૦૦૦ મેગાવોટ ઇલેક્ટ્રિસિટી વધારવાનું વિચારી રહી છે. ■

ઊર્જા ક્ષેત્રેમાં કાર્યરત મહિલાઓ રમતગમતમાં પણ આગળ

હિંમતનગર વર્તુળ કચેરીમાં યુજીવીસીએલનાં મહિલા કર્મચારીઓ માટે વિવિધ રમતો સાથે આંતર વર્તુળ મહિલા ટુર્નામેન્ટ યોજાઈ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી આંતર વર્તુળ મહિલા ટુર્નામેન્ટ અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્યત્વે બેડમિન્ટન, ટેબલટેનિસ, ચેસ, કેરમ, ટેનિકોટ જેવી રમતો સામેલ હતી. આ કાર્યક્રમનું આયોજન હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે સાબર સ્ટેડિયમ, ભોલેશ્વર ખાતે કરવામાં આવ્યું હતું અને ખુશનુમા વાતાવરણ વચ્ચે સ્પર્ધાઓ યોજાઈ હતી.

કાર્યક્રમ સવારે ૯.૩૦ વાગે શરૂ થયો હતો અને હિંમતનગર વર્તુળ કચેરીની અધિક્ષક ઇજનેર શ્રી એસ. આર. પટેલે તેમના સ્વાગત પ્રવચનમાં આમંત્રિત મહેમાનો અને અન્ય વર્તુળમાંથી આવેલાં મહિલા સ્પર્ધકોને ભાવભર્યા શબ્દોથી આવકાર્યાં હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચીફ એન્જિનીયર શ્રી એમ. જી. પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ટુર્નામેન્ટને ખુલી મૂકવામાં આવી હતી. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનાં વિવિધ વર્તુળ જેવાં કે મહેસાણા, પાલનપુર, સાબરમતી, હિંમતનગર અને રજિસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી મહેસાણા વગેરે જગ્યાએથી લગભગ ૪૦ મહિલા કર્મચારીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. પ્રસંગિક પ્રવચનમાં શ્રી એમ. જી. પટેલે નોંધપાત્ર સંખ્યામાં ભાગ લેવા બદલ મહિલા સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા અને ટૂર્નામેન્ટમાં સફળતા અંગે શુભેચ્છા પાઠવી હતી.

સમગ્ર ટુર્નામેન્ટની જુદી જુદી રમતોની હરિફાઇ દરમિયાન નીચે જણાવેલ મહિલા ખેલાડીઓ વિજેતા બન્યાં હતાં...

- બેડમિન્ટન સિંગલમાં બોપલ ડી.ઓ. સાબરમતીનાં જુ. આ. ડી. જે. રાવલ ચેમ્પિયન બન્યાં હતાં, જ્યારે મોડાસા ડી.ઓ હિંમતનગરનાં જુ. આ. શીતલ પરમાર રનરઅપ બન્યાં હતાં.
- બેડમિન્ટન ડબલ્સમાં સાબરમતીનાં જુનિયર આસિસ્ટન્ટ ડી. જે. રાવલ અને કલોલ ડી.ઓ. સાબરમતીનાં જુનિયર એન્જિનિયર જે. જે. આર્યા ચેમ્પિયન બન્યાં હતાં જ્યારે મોડાસા ડી.ઓ. હિંમતનગરનાં જુનિયર આસિસ્ટન્ટ શીતલ પરમાર અને હિંમતનગરનાં જુનિયર એન્જિનિયર રીના એમ. જયસ્વાલ રનરઅપ બન્યાં હતાં.
- ટેબલ ટેનિસ સિંગલમાં પાલનપુર ડી.ઓ. ૧નાં સીનિયર આસિસ્ટન્ટ સી.એચ. મોદી ચેમ્પિયન બન્યાં હતાં જ્યારે પાલનપુરનાં જુનિયર આસિસ્ટન્ટ રનરઅપ બની હતી.
- ટેબલ ટેનિસ ડબલ્સમાં પાલનપુરની બંને ખેલાડી સી.એચ. મોદી અને એ.એ. ગુપ્તા ચેમ્પિયન બન્યાં હતાં જ્યારે હિંમતનગરનાં માધવી એસ. ભટ્ટ અને નીશા બી. પટેલ રનરઅપ બન્યાં હતાં.
- કેરમ સિંગલમાં સાબરમતીનાં બંને ખેલાડીમાંથી કે. એચ. દવે ચેમ્પિયન અને ડી. એન. દવે રનરઅપ બન્યાં હતાં.
- કેરમ ડબલ્સમાં પાલનપુર સર્કલનાં ખેલાડી એન. આર. પરમાર અને એચ. એ. ચાવડા ચેમ્પિયન બન્યાં હતાં જ્યારે સાબરમતીનાં બે ખેલાડી કે. એચ. દવે

અને ડી. એન. દવે રનરઅપ બન્યાં હતાં.

- ટેનિકોટ સિંગલ્સમાં પાલનપુરનાં એન. ડી. સટોડિયા ચેમ્પિયન બન્યાં હતાં જ્યારે હિંમતનગરનાં રીટા એસ. ભરવાડ રનરઅપ બન્યાં હતાં.
- ટેનિકોટ ડબલ્સમાં હિંમતનગરનાં બે ખેલાડી રીટા ભરવાડ અને એસ. આઇ. મિર્ઝા ચેમ્પિયન બન્યાં હતાં. પાલનપુરનાં ખેલાડી એન. ડી. સટોડિયા અને જે. ટી. પંજવાણી રનરઅપ બન્યાં હતાં.
- ચેસમાં સાબરમતીનાં ખેલાડીઓ આશાબહેન ખાલપાડા ચેમ્પિયન અને ડી. યુ. શાહ રનરઅપ બન્યાં હતાં.

કાર્યક્રમની સમાપ્તિ સાંજના ૫.૦૦ વાગે કરવામાં આવી હતી તે સમયે વિજેતા જાહેર થયેલ ખેલાડીઓને ટ્રોફી, ટીશર્ટ અને શિલ્ડ એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતિમ પડાવ દરમિયાન ઔદ્યોગિક સંબંધક અધિકારી અને સ્પોર્ટ્સ સેક્રેટરી, રજિસ્ટર્ડ ઓફિસ મહેસાણાના શ્રી એસ. વાય. ડામોર, હિંમતનગરના કાર્યપાલક ઇજનેર શ્રી એમ. આર. પટેલ, હિંમતનગર વર્તુળ કચેરીના નાયબ ઇજનેર શ્રી આર. ડી. ઝાલા, મહેસાણા રજિસ્ટર્ડ કચેરીમાંથી શ્રી એસવાય ડામોર સ્પોર્ટ્સ સેક્રેટરી અને ઇન્ડસ્ટ્રીયલ રિલેશન ઓફિસરના વરદ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સમાપન સમારોહમાં શ્રી એસ. વાય. ડામોરે પ્રાસંગિક પ્રવચનમાં સ્પર્ધાઓમાં ભાગ લેનારાં મહિલાઓને અભિનંદન આપ્યાં હતાં. ઉપરાંત ભવિષ્યમાં આ પ્રકારની ટુર્નામેન્ટમાં વધુ ને વધુ મહિલાઓ ઉત્સાહભેર ભાગ લે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું. ■

યુજીવીસીએલના ગરબામાં મહાલી મહિલાઓ

મહિલા હોય અને ગરબામાં ભાગ ન લે એ વિચારવું પણ અશક્ય છે. આદ્યશક્તિ માતાની ભક્તિ અને આરાધનાના નવરાત્રિ પ્રસંગો માત્ર પોળમાં કે પાર્ટી પ્લોટમાં જ યોજાય તેવું નથી હોતું. હવે મહિલા પોતે વર્કિંગ વુમન છે અને તે પોતાના કાર્યસ્થળે પણ થોડો સમય કાઢી દરેક તહેવારો અને પ્રસંગોને ઉત્સાહપૂર્વક ઉજવવાનું આયોજન કરી જ લેતી હોય છે.

કોર્પોરેટ ઓફિસો હોય કે સરકારી, હવે તો અધિકારીઓ પણ મહિલાઓને તેમના દરેક કાર્યો અને કુશળતાને આગળ લાવવાના કાર્યક્રમો આયોજિત કરતા હોય છે. આવા જ એક પ્રસંગમાં યુજીવીસીએલ-જેટકો તરફથી કોલોનીના કોમન પ્લોટમાં મનજાગૃત મહિલા મંડળ દ્વારા ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રસંગના શુભારંભ સમયે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન પટેલના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા મંડળની સભ્ય બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હતી અને તેમણે ઉત્સાહપૂર્વક ગરબામાં ભાગ લીધો હતો.

યુજીવીસીએલના મુખ્ય ઇજનેર શ્રી પી. જે. પટેલ તથા અન્ય અધિકારીગણ ઉપરાંત સ્ટાફના ભાઇઓએ પણ કાર્યક્રમમાં ઉત્સાહભેર હાજરી આપી હતી. સાંજના સમયે કોમન પ્લોટમાં શરૂ થયેલી ગરબાની રમઝટમાં બહેનો અને ભૂલકાંઓ મન મૂકીને ગરબામાં મહાલ્યાં હતાં.

સ્વસુધારણા અને પ્રેરણા માટે ટિપ્સ

દરેક વ્યક્તિની પોતાને સક્ષમ બનાવવા માટેની શક્તિ હોય છે. આ માટે થોડી સકારાત્મકતાની જરૂર હોય છે અને પોતાની નબળાઈઓને દૂર કરી પોતાના કાર્યમાં દીપી ઉઠવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

- **કરિયર અને તમે :** તમારા ભવિષ્યની યોજના બનાવવા અને સફળ કરિયરનો પંથ નક્કી કરવાની તમારી માત્ર જવાબદારી જ નહીં, અધિકાર પણ છે. તમારા ભવિષ્યના ધ્યેયને નક્કી કરી તે માટે જે કાંઇ જ્ઞાનવર્ધનની જરૂર હોય તે કરી લો. આ માટે જરૂર પડે તો સેમિનાર, કોન્ફરન્સ એટેન્ડ કરવા અને પ્રેરણાદાયક ભાષણ સાંભળવાની ટેવ પાડી દો.
- **સમયનો દૂરવ્યય અને તમે :** એવાં કાર્યો હાથમાં ન લો જેના દ્વારા બિનજરૂરી સમય બરબાદ થતો હોય.
- **માણસ માત્ર ભૂલને પાત્ર :** કહે છે ને કે ભૂલોને એકઠી કરો અને તેમાંથી શીખો. સમય આવ્યે તમારી ભૂલો અનુભવ જ કહેવાશે.
- **ખુશ રહો :** જો સકારાત્મક અભિગમ જાળવશો તો ખુશીઓ તમારાથી દૂર જ નહીં થાય. નાની વાતોમાંથી ખુશીઓ ભેગી કરો, નાના પ્રસંગોને ખુશીઓથી ભરી દો. તમારી ચિંતાઓને દૂર રાખો અને સતત હસતાં રહો તેમ જ અન્યને હસાવતાં રહો.

નેતૃત્વશક્તિ કેળવવાના ૧૦ રસ્તા

જો તમે પેશનથી ભરપૂર જીવન જીવવા માગતાં હો જેમાં તમે અન્યને હંમેશાં સકારાત્મકતાથી પ્રભાવિત કરી શકો છો તો તમે નીચે આપેલી પ્રક્રિયાને તમારા વર્તનમાં ઉમેરો!

પોતાના, અન્યના અને વિશ્વ વિશેના દૃષ્ટિકોણ સ્પષ્ટ રાખો.

તમે પોતાના પરિવાર ને મિત્રો, સહ કર્મચારીઓ અને વિશ્વ માટે શું કરવા માગો છો? આ પ્રશ્નોના જવાબો આપો જેથી તમારો દૃષ્ટિકોણ એકદમ સાફ થઇ જશે. પછી આ દૃષ્ટિકોણને હકીકતમાં બદલવાનો પ્રયત્ન શરૂ કરી દો.

તમને મળેલી કુદરતી દેણ અને તાકાતને ઓળખો અને તેનો યોગ્ય ઉપયોગ કરો.

તમે જે કુદરતી ક્ષમતા લઇને જનમ્યા છો તેને વધુ વિકસિત કરો. તેને અન્ય સાથે શેર પણ કરો. આ ક્ષમતા સાથે બીજાને વહેંચવાની તમારી નિયત તમને પ્રચંડ લીડર બનવામાં મદદ કરશે.

નીતિ અને મૂલ્યો સાથે સૂમેળ કરી જીવન જીઓ.

તમારી નીતિ અને મૂલ્યોને અનુસરીને જે કાંઇ કરશો તેમાં સફળતા ઓછી મહેનતે મળશે. લોકોને તમારી નિષ્ઠા અને કર્મઠતા દેખાઇ જાય છે જેથી તેઓ તમારા અભિપ્રાયને માન આપશે.

બીજાને સાથે રાખી લીડ કરો.

સાચો લીડર એ જ છે જે બીજાની શક્તિઓને પિછાણી દરેક કાર્યમાં સામેલ કરે છે. જો તમારે આવા લીડર બનવું હોય તો સામાન્યથી ઉપર ઉઠવું પડશે અને અન્યને કરુણા અને અંતરસૂઝથી માન આપતાં શીખવું પડશે.

ચોક્કસ ધ્યેય નિર્ધારિત કરો અને તે પૂર્ણ કરવા મજબૂત એક્શન પ્લાન તૈયાર કરો.

નક્કી કરેલા ધ્યેય માટે યોજના તૈયાર કરો ત્યારે ત્યાં કેવી રીતે પહોંચાશે તે જાણવું જોઇએ. લીડરશીપને વધુ કુશળ બનાવવા, પહેલાં ચોક્કસ સમયાવધિમાં પૂર્ણ થઇ શકે તેવો ધ્યેય નક્કી કરી દો.

સકારાત્મક અભિગમ અપનાવો

સકારાત્મક અભિગમથી જીવનની ઉજળી બાજુ જોવાની તક મળે છે. તમારો અભિગમ સકારાત્મક હશે તો લોકો આકર્ષાયા વગર નહીં રહે.

કમ્યુનિકેશન સ્કિલ સુધારો

પોતાના વિચારો, દૃષ્ટિકોણ, ધ્યેય, કુશળતા, આશય અને અપેક્ષા બીજા સુધી પહોંચાડવા કમ્યુનિકેશન સ્કિલની જરૂર પડે છે. આ સ્કિલથી અન્યની કમ્યુનિકેશન સ્કિલ જાણી શકાય છે.

અન્યને મહાનતા માટે મોટિવેટ કરતા રહો

લીડર પણ તેની ટીમ જેટલો જ શક્તિમાન હોય છે. લીડર તરીકે આસપાસ એવી ટીમ બનાવો જેઓ અન્યની શક્તિ, ક્ષમતાને ઓળખતા રહે.

પોતાની ભૂલો અને નબળાઇ સ્વીકારતાં શીખો

સામનો કરો. સફળ લીડર એ છે જે પોતાની ભૂલો કે નબળાઇઓ સ્વીકારતાં ખચકાતો નથી.

સતત નવી વસ્તુઓ જાણતા રહો અને પોતાને સમૃદ્ધ બનાવો

પોતાના જ્ઞાનને સતત ચકાસતો રહે છે તે સાચો લીડર છે. જે વ્યક્તિ પોતાને એક્સ્પર્ટ સમજે છે તેણે વધુ શીખવાની જરૂર હોય છે. જ્ઞાન લેવું ક્યારેય બંધ ન કરવું! ■

આફ્રિકાના છોકરડાએ વિન્ડ મિલ બનાવી

આફ્રિકાના નાના ગામના ગરીબ છોકરા વિલિયમ કમકવામ્બાએ ઉકરડામાંથી વિન્ડ મિલ બનાવી પોતાના ગામને ઊજાળ્યું

વિલિયમ કમક્વામ્બા આફ્રિકાના નાનકડા ગામમાં રહેતો એક છોકરો. ગામની વસતી ૨૦૦થી વધુ નહોતી.

તેનો પરિવાર વિલિયમનો ભણવાનો ખર્ચ ઉપાડી શકે તેમ નહોતો તેથી તેને સ્કૂલમાંથી ઉઠાડી મૂક્યો. તે મસિતલાના મધ્યગામ મલાવિયનના ફાર્મલેન્ડમાં રહેતા તેના માતાપિતા પાસે આવી ગયો. તેનું ભવિષ્ય તેને ધૂંધળું લાગવા માંડ્યું હતું. પરંતુ તે આફ્રિકાની ગરીબીની કથાઓમાંનો એક બનવા માગતો નહોતો. તેનું પણ સપનું હતું.

વિલિયમ ઇચ્છતો કે તેના ગામમાં વીજળી અને પાણી આવે. આ માટે તે રાજનેતાઓ અને અનુદાન આપનારાઓની રાહ જોવા તૈયાર નહોતો. વીજળી અને પાણીની અત્યંત આવશ્યકતા ત્યારે સમજાઇ જ્યારે વર્ષ ૨૦૦૨માં મલાવિમાં વિકટ દુષ્કાળ પડ્યો જેમાં હજારો લોકોનાં મૃત્યુ થયાં. આ સમયે વિલિયમનો પરિવાર ભૂખ્યા મરવાની કગાર પર આવીને ઊભો હતો.

સ્કૂલે જવા અક્ષમ વિલિયમે સ્થાનિક લાયબ્રેરીમાં ભણવાનું ચાલુ કર્યું. વિજ્ઞાન તેનો માનીતો વિષય હતો. તે આખો દિવસ ઉકરડાની આસપાસ રખડતો. તેના પરિવારના સભ્યો, એટલે સુધી કે તેની માતા પણ કહેતાં કે તે પાગલ થઇ ગયો છે. તેના પાડોશી એવું માનતા કે તે મરિજુઆના નામની વનસ્પતિનો નશો કરે છે. પરંતુ વાત કંઇક જુદી જ હતી. ઉકરડાની આસપાસ ફરતાં તેને એક ગંદો, કીચડમાં લપટાયેલો કાગળનો ટુકડો મળ્યો હતો. તે કાગળ કોઇ ટેક્સ્ટબુકનો હતો. તેમાં વિન્ડમિલનો ફોટો હતો.

વિલિયમને વિન્ડમિલ બનાવવાની ધૂન ચઢી. તેણે જૂની સાઇકલનો એક પાર્ટ કાઢ્યો, તેની સાથે ટ્રેક્ટરની બ્લેડ લગાવી અને કોઇ જૂનું શોક એબ્સોર્બર લીધું. પ્લાસ્ટિક પાઇપ્સની બ્લેડને ગરમ કરીને સીધી કરી. અનેકવાર વિન્ડમિલ બનાવતી વખતે તેને શોક પણ લાગ્યો હતો. એક ઝાડના થડનો તેણે ૧૬ ફૂટ ઊંચો ટાવર બનાવ્યો જે મસિલતાના પવનને રોકી શકે તેટલો ઊંચો હતો.

આસપાસના લોકો તેને ધૂની માણસની મૂર્ખતા જ કહેતાં. વિલિયમે કારની લાઇટના બલ્બને ટર્બાઇન સાથે જોડ્યો કે વિન્ડમિલ ધીમે ધીમે ચાલવા લાગી હતી. જોનારા તો મોંમાં આંગળાં નાખી ગયાં. જ્યારે પવનના જોરથી બ્લેડ ફૂદરડી ફરવા લાગી ત્યારે બલ્બ ઝબૂક ઝબૂક થવા લાગ્યા. એ જોઈને તો ત્યાં હાજર લોકોનાં ટોળાં ચિચિયારિયો મારવા લાગ્યાં.

વિલિયમની આ આગવી શોધ હતી. ઘરમાં પેરાફિનથી ચાલતી લાલટેનની જગ્યાએ બલ્બ્ઝ આવી ગયા હતા, ખીલીઓ અને ચૂંબકથી સર્કિટ બ્રેકર બનાવ્યા, સાઇકલના સ્પોક્સ અને રબરના ફ્લિપ-ફ્લોપ દ્વારા સ્વીચ બનાવવામાં આવી હતી.

એક ડેઇલી ટાઇમ્સ ન્યુઝપેપરના એક રીપોર્ટરે જ્યારે તેના વિશે લખ્યું ત્યારે તેની ચર્ચા વિવિધ બ્લોગ પર થવા લાગી. તેના લાકડાના ટાવરને ઉધઇ ખાઇ ગઇ પછી તેણે સિમેન્ટનો ટાવર બનાવ્યો અને ૪૮ વોલ્ટની વિન્ડમિલ બનાવી. ત્યાર પછી તેણે એક નવી વિન્ડમિલ બનાવી જેના દ્વારા તેના પોતાના ખેતરમાં સિંચાઇ માટે પાણીના પંપ ચલાવવામાં ઉપયોગ કર્યો. તેના વિશે લોકોને ખબર પડતી ગઈ.

રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટની જ્યારે ખૂબ બોલબાલા હતી ત્યારે વર્ષ ૨૦૦૭માં તેને ટાન્ઝાનિયાના અરુશામાં ટેક્નોલોજી એન્ટરટેનમેન્ટ ડિઝાઇન પર યોજાયેલી કોન્ફરન્સમાં આમંત્રિત કરવામાં આવ્યો હતો.

કમ્પ્યુટર અને ઇન્ટરનેટ વિશે ખબર પડ્યા પછી વિલિયમે સર્ફિંગ ચાલુ કર્યું. તેને લોકો સ્ટેન્ડિંગ ઓવેશન આપતાં અને વોલ સ્ટ્રીટ જર્નલમાં પહેલા પાને તેનો ફોટો છપાયો હતો તે જોઇને તે ખૂબ ખુશ થતો. સાઉથ આફ્રિકાના જોહાનસ્બર્ગની એલિટ આફ્રિકન લીડરશીપ એકેડેમી તરફથી તેને સ્કોલરશીપ મળી.

બ્રીયન મીલર નામના રીપોર્ટરે જ્યારે વિલિયમની સ્ટોરી સાંભળી ત્યારે તેણે તેની સાથે એક વર્ષ વીતાવ્યું અને તેની ઉપર 'ધ બોય હુ હાર્નેસ્ડ ધ વિન્ડ' નામનું પુસ્તક લખ્યું જે અમેરિકાના પ્રકાશનગૃહ દ્વારા છપાયું. મીલર કહે છે વિલિયમ જેવા તરવરિયા યુવાનો જેઓ ટેક્નોલોજીના ભૂખ્યા છે, તેમણે પ્રારબ્ધને પોતાની મુઠ્ઠીમાં લઇ લીધું છે.

વિલિયમ જેવા અનેક યુવાનો વિશ્વના ખૂણે ખૂણે ફેલાયેલા છે જેઓ માત્ર તકની રાહ જોઇ રહ્યા છે. ■

પવનથી પાવરની પ્રાપ્તિ

વિન્ડ એનર્જીની શરૂઆત

પવનથી પાવરનો વિકાસ ભારતમાં વર્ષ ૧૯૯૦થી શરૂ થયો. છેલ્લાં કેટલાંક વર્ષોથી તે વધુ વિકસ્યો છે. વિશ્વમાં વિન્ડ ઇન્ડસ્ટ્રીના વિકાસમાં ડેન્માર્ક અને યુએસ પછી ભારત તેની વિન્ડ પાવર ક્ષમતામાં પાંચમું સ્થાન ધરાવે છે.

કહેવાય છે કે આજથી પાંચ હજાર વર્ષ પૂર્વ ઇજિપ્શિયનોએ વિન્ડ પાવરની શરૂઆત કરી હતી. લગભગ ૨૦૦૦ બીસી દરમિયાન બેબિલોનમાં પ્રથમ વિન્ડમિલ બનાવાઇ હતી.

વિન્ડ એનર્જી એટલે શું?

હવાને જ્યારે વેગ મળે ત્યારે પવન બને છે. ધરતી પર રહેલા વિવિધ સ્તરના આધારે સૂર્યની ગરમી શોષાય છે જેમ કે જમીન, પાણી, રેતી, બરફ અથવા હરિયાળી.

પાણી કરતાં જમીન પરની હવા જલદી ગરમ થાય છે અને દિવસ દરમિયાન આ ગરમી સૂર્ય

પ્રકાશ સામે પ્રતિબિંબિત થાય છે અને તે ગરમ હવા ઉપરની તરફ જાય છે અને પાણી વાળા સ્તરે ઠંડી હવા જામે છે. બંને વચ્ચેની ખાલી જગ્યા (વેક્યુમ) પવન ઉત્પન્ન કરે છે. રાત્રે તે વિપરિત દિશામાં વહે છે.

મોટાં જહાજો હોય કે નાની હોડી તે હવાની દિશામાં ચાલે છે એટલે એમ પણ કહી શકાય કે જે દિશામાં જહાજ કે હોડી ચલાવવી હોય તેની વિપરિત દિશામાં સઢ મૂકી દેવાય તો તે નિર્ધારિત સ્થાને પહોંચી શકે છે.

સૂર્ય પ્રકાશ અને ધરતીનું સ્તર મળીને પવન ઉત્પન્ન કરે છે. એમ કહી શકાય કે જ્યાં સુધી સૂર્ય છે ત્યાં સુધી વિન્ડ એનર્જી મળતી રહેશે અને તેથી એમ પણ કહી શકાય કે તે રીન્યુએબલ એનર્જી સોર્સ છે.

ભારતમાં વિન્ડ મિલ દ્વારા વાર્ષિક ૮,૮૯૬ મેગાવોટ પાવર ઉત્પન્ન થાયછે. તામિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્નાટક, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કેરલ, વેસ્ટ બંગાળ જેવા રાજ્યોમાં વિન્ડમિલ દ્વારા પાવર ઉત્પન્ન કરાય છે.

ગુજરાતમાં જામનગર જિલ્લામાં ચાઇના લાઇટ પાવર (સીએલપી) પાંચ બિલિયન રોકાણ કરીને ૧૨૬ વિન્ડ ટર્બાઇન નાખી ૧૦૦.૮ મેગાવોટ પાવર જનરેટ કરવા અને ટાટા પાવર ૩.૧૫ બિલિયન રોકાણ કરીને ૫૦ મેગાવોટ પાવર જનરેટ કરવા પોતપોતાના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યાં છે.

બાળકો અને વીજળી

આજકાલ અપાર્ટમેન્ટ્સમાં વિવિધ પ્રકારના ઇલેક્ટ્રિક ફિટિંગ્સ આવે છે. ક્યારેક પ્લગ-સોકેટ્સને થોડાં નીચે પણ લગાવ્યાં હોય છે. આ પ્રકારના ઘરમાં બાળકોને ઇલેક્ટ્રિસિટીથી કેવી રીતે બચાવી શકાય તેના કેટલીક ટીપ્સ :

- ઇલેક્ટ્રિક એપ્લાયન્સીસને એટલી ઉંચાઇ પર મૂકો કે જ્યાં બાળકનો હાથ ન પહોંચે. જો તે નીચે રાખવામાં આવ્યાં હોય તો પાવર પ્લગને સોકેટમાંથી કાઢી નાખો.
- પ્લગના સોકેટ્સ પર બાળકનો હાથ પહોંચતો હોય અને અન્ય કોઇ વિકલ્પ ન હોય તો સોકેટ પર ટેપ લગાવી બંધ કરી દેવું.
- કોઇ ઉપકરણનો વાયર ટૂંકો હોય તો તેના માટે કાયમી વ્યવસ્થા કરવી, એક્સ્ટેન્શન વાયર લગાવવાનો કામચલાઉ ઉપાય ન અજમાવવો.

- ઇલેક્ટ્રિક ઉપકરણને ભીના હાથે અડકવું નહીં તેનાથી શોક લાગી શકે છે. વળી પગમાં સ્લીપર પહેરવાં.
- બાળકોને સ્વીચ સાથે રમવા ન દેવાં.
- સ્માર્ટ બાળકો પોતાની જાતે જ ટીવી, એસી કે ગીઝર ચલાવતાં હોય છે પરંતુ આમ કરવા તેમને પ્રોત્સાહન ન આપો.

જો આપ નવા ઘરમાં ગૃહપ્રવેશ કરવાના હો તો પહેલેથી આ બધી બાબતો સારી રીતે ચેક કરી લેવી જરૂરી છે જેથી પાછળથી બધું રીપેરિંગ કે એડજેસ્ટમેન્ટ ફરીથી ન કરવું પડે.

અત્યાધુનિક પવનચક્કીઓ



વિશ્વની મોસ્ટ મોડર્ન વિન્ડમિલ્સની સૂચિ અહીં આપેલ છે. વિન્ડમિલ એવું મશીન છે જેમાં પવનને ઊર્જામાં ફેરવવામાં આવે છે.

વ્હેલ પાવરઃ વ્હેલ પાવર નામની કંપનીએ એક એવી બ્લેડ બનાવી જેના દ્વારા વિન્ડ ઉત્પન્ન થવાથી જે ઊર્જા મળે છે તેનાં કરતાં ૨૦ ટકા વધુ મળે છે.

ક્વાએટ રીવોલ્યુશનપઃ એટલે કે ક્યુઆરપ કંપનીએ એવી ડિઝાઇન બનાવી કે જેમાં શહેરી વિસ્તારોમાં વિન્ડની સ્પીડ ઓછી હોય. શહેરોમાં બનાવેલી આ વિન્ડમિલને પવન ચારેય દિશાઓએથી મળતો હોવાથી તે વધુ એફિશિયન્ટ સાબિત થઈ.

વિન્ડસ્પાયરઃ ક્વાએટ રીવોલ્યુશનની જેમ વિન્ડસ્પાયરે પણ ઊભી વિન્ડમિલ બનાવી જે લગભગ ૩૦ ફૂટ ઊંચી છે અને તેના ટર્બાઇન એક કલાકના ૨૦૦૦ કિલોવોટ પાવર જનરેટ કરે છે.

મગીન એર રોટર સિસ્ટમ (MARS)ઃ માર્સ વિન્ડમિલ લગભગ ૧૦૦૦ ફૂટની ઊંચાઈ પર રાખવામાં આવે છે. જ્યારે પવન તેની ધરી પર આવે અને ફરવા લાગે ત્યારે તેમાંથી ઊર્જા ઉત્પન્ન થાય. આ ઊર્જાને સીધી વાયર પર લઇ લેવામાં આવે. જો આ સિસ્ટમ સારી રીતે કાર્ય કરશે તો ૨૦૧૦ના અંતમાં તે પ્રોજેક્ટ શરૂ કરી શકશે. માર્સ મોટા ભાગે દરિયાની મધ્યમાં આવેલા આઇલેન્ડ, ખાણ અથવા બંદરો જેવી જગ્યામાં જ કાર્ય કરવાનું શરૂ કરશે.

વિન્ડબેલ્ટઃ શૉન ફ્રેયન દ્વારા વિન્ડબેલ્ટની ડિઝાઇન બનાવવામાં આવી હતી. આ વિન્ડમિલ સાઇઝમાં નાની હોવા છતાં તેમાંથી ૧૦ એમપીએચની સ્પીડે ૪૦ મિલિવોટ્સ પાવર જનરેટ થતો હતો. આ વિન્ડમિલથી ઉત્પન્ન થતી ઊર્જાનું પ્રોડક્શન સસ્તું છે.

હોનીવેલ વિન્ડ ટર્બાઇનઃ હોનીવેલ વિન્ડમિલ ઘરના છાપરા પર મૂકવામાં આવે છે જે ૨ એમપીએચની સ્પીડથી આવતા વિન્ડ પર પણ ચાલે છે.

વીપાવરઃ વીપાવર પણ ઊભી વિન્ડમિલ છે જે ઓછી સ્પીડના પવન પર ચાલે છે. વીપાવરનો દાવો છે કે આ વિન્ડમિલ ખેતર, ઘર અને બાંધકામો પર સારી રીતે ચાલી શકે તેમ છે.

સ્પાઇરલ ડ્રેગ વિન્ડ ટર્બાઇનઃ એલ્યુમિનમના બનેલા ટર્બાઇનથી હવા વધુ અસરકારક રીતે આગળ વહે છે. આ પ્રોજેક્ટ પર હજુ રીસર્ચ ચાલી રહ્યો છે.

આર્કિટેક્ચરલ વિન્ડઃ ઊંચા મકાનની ધાર પર આ વિન્ડમિલ મૂકી શકાશે. એવું માનવામાં આવે છે કે મકાનની છતને લીધે રોકાયેલો પવન આ પવનચક્કી પર આવશે અને ચકરી ચાલશે.

સ્કાય સરપન્ટઃ સ્કાય સરપન્ટમાં એવી રીતે રોટર્સ ફીટ કર્યા છે જે ખાસ અંતર અને એંગલ પર છે જેથી દર વખતે તેને ફ્રેશ એર જ મળે. આ કેલિફોર્નિયામાં છે. ■

વૃક્ષો વાવો,
તમારી
આસપાસનું
વાતાવરણ
હરિયાળું અને
સ્વસ્થ રાખો.

પાવર ક્વિઝ

ઈલેક્ટ્રિસિટી ક્વિઝ

નીચે આપેલા સવાલોના સાચા જવાબો સાથે આપેલા વિકલ્પોમાંથી શોધો.

૧. એક જ ચાર્જવાળા બે ભાગ એકબીજાની સામે આવે તો એકબીજાથી દૂર થાય છે.
એ. સાચું
બી. ખોટું

૨. વિરુદ્ધ ચાર્જવાળા બે ભાગ એકબીજાની સામે આવે તો એકબીજાને આકર્ષે છે.
એ. સાચું
બી. ખોટું

૩. જે વસ્તુ ઈલેક્ટ્રિસિટીનું સહેલાઈથી વહન કરી શકે જેમ કે તાંબુ, તેને શું કહેવાય છે?
એ. ઈન્સ્યુલેટર
બી. સેમીકંડક્ટર
સી. કંડક્ટર

૪. એવી કઇ વસ્તુ છે જે ઈલેક્ટ્રિસિટીને પોતાનામાંથી પસાર થવા દેતી નથી?
એ. ઈન્સ્યુલેટર્સ
બી. કંડક્ટર્સ
સી. સેમીકંડક્ટર્સ

૫. કેટલાક સંજોગોમાં ઈલેક્ટ્રિસિટી પસાર કરનારી વસ્તુને શું કહે છે?
એ. ઈન્સ્યુલેટર્સ
બી. કંડક્ટર્સ
સી. સેમીકંડક્ટર્સ

૬. નીચેની એ સ્થિતિ છે જેમાં ચાર્જીસનો અભ્યાસ થાય છે અથવા ચાર્જ થયેલી વસ્તુઓ કરંટને પસાર કરતી નથી.
એ. ઈલેક્ટ્રોસ્ટેટિક્સ
બી. ઈલેક્ટ્રોડાયનેમિક્સ
સી. ગ્રેવિટી

જવાબો : ૧-એ, ૨-એ, ૩-સી, ૪-એ, ૫-સી, ૬-સી



UGVCL

આપણું યુજીવીસીઓલ

આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર કે આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)ને મોકલી શકો છો.

cs@ugvcl.com
kinjalsathwara@ugvcl.com
sanaik_41262@yahoo.co.in